# હિંમતનગર તાલુકા પંચાયતમાં ભાજપનું રાજ : કોંગ્રેસ ઉંઘતી રહી

## કોંગ્રેસના બે અને એક અપક્ષ ભાજપમાં જોડાતા તેમને હોદ્દા મળ્યા : એક સભ્ય ગેરહાજર

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસની જાણે કે માઠી દશા બેઠી હોય તેમ પ્રજાએ તેમને આપેલી સત્તા પચાવતા આવડતુ ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે બુધવારે હિંમતનગર તાલુકા પંચાયત કે જે કોંગ્રેસ પાસે હતી જેને કેટલાક અસંતુષ્ઠોએ કોંગ્રેસને રામરામ કરી ભાજપમાં જોડાતા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસેથી સત્તા સરકીને ભાજપ પાસે જતી રહી છે. જોકે આગામી અઢી વર્ષ માટે ભાજપે કોંગ્રેસ છોડીને આવેલા સભ્યોને સત્તાનુ સુકાન સોંપીને ભાજપે ખેલ પાડીને કોંગ્રેસને ઉંઘતી ઝડપી લીધી છે. હિંમતનગર તાલુકા પંચાયતમાં સંખ્યા બળની વાત કરીએ તો ભાજપના ૧૫ અને કોંગ્રેસના ૧૪ સભ્યો છે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે મંગળવારે કોંગ્રેસના નિરીક્ષક હિમાંશુ વ્યાસ તથા અન્ય એક પીઢ કોંગ્રેસીએ હિંમતનગર આવી તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે અંકિત પટેલને મેન્ડેટ આપ્યો હતો. જેના કારણે કાંકણોલ-૨ સીટ પરથી ચૂંટાયેલા હરેશ પ્રજાપતિ નારાજ થયા હતા. દરમ્યાન ભાજપે સત્તા હાંસલ કરવા માટે દાવપેચ શરૂ કરી દીધા હતા. જેમાં કોંગ્રેસના કેટલાક ચૂંટાયેલા સભ્યોનો સંપર્ક કરી પોતાની છાવણીમાં લાવી દીધા હતા. જેમાં ધુળસિંહ મૂળસિંહ રહેવર, નયનાબેન ગીરીશભાઈ પટેલ તથા અપક્ષ વિષ્ણુસિંહ લાલસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે.

જે અંગે કોંગ્રેસના નિરીક્ષકોને ખબર પડતા તેઓ તરત જ મંગળવારે ફરીથી હિંમતનગર આવી પહોંચ્યા હતા અને હિંમતનગર બાયપાસ રોડ પર આવેલ એક ભાજપના કાર્યકરની હોટલમાં બે કલાક રોકાઈને કોંગ્રેસના અસંતુષ્ઠોને ફક્ત આશ્વાસન આપીને જતા રહ્યા હતા. ત્યારબાદ બુધવારે તાલુકા પંચાયતની સામાન્ય સભાનું કામકાજ શરૂ થયુ ત્યારે કોંગ્રેસમાં સોંપો પડી ગયો હતો. દરમ્યાન ભાજપ તરફથી પ્રમુખ માટે નયનાબેન પટેલ તથા ઉપપ્રમુખ તરીકે ધુળસિંહ રહેવરે ઉમેદવારી નોંધાવી હતી. બીજી તરફ કોંગ્રેસમાંથી પ્રમુખ તરીકે તારાબેન દરશરથસિંહ ઝાલા અને ઉપપ્રમુખ પદ માટે અંકિત પટેલ તથા પાર્ટીની વિરૂદ્ધ જઈને હરેશ પ્રજાપતિએ ઉમેદવારી નોંધાવી હતી.

મતદાન દરમ્યાન ભાજપના ૧૫ સભ્યોએ નયનાબેન પટેલ અને ધૂળસિંહ રહેવરને સમર્થન કરતા તેઓ વિજયી જાહેર થયા હતા. એક તબક્કે તો કોંગ્રેસના સભ્યો સભાખંડમાંથી બહાર નિકળી ગયા હતા. ત્યારબાદ સમજાવટ થતા તેઓ પરત ફર્યા હતા. અને આખરે ભાજપે ખેલ પાડીને હિંમતનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેતા જિલ્લાના રાજકારણમાં નવા સમીકરણો રચાવા માંડ્યા છે. ઉલ્લેખનીય છે કે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસના મમતાબેન સરતાનજી મકવાણા (બેરણા) ગેરહાજર રહેતા તેનો સીધો ફાયદો ભાજપને થયો છે. પણ સંખ્યા બળને રીતે જોઈએ તો સત્તાધારી અને વિરોધ પક્ષ વચ્ચે એકનો આંકડો કોને કેટલો ફળે છે તે હાલના તબક્કે કહેવુ વહેલુ ગણાશે.

### પ્રાંતિજ તાલુકા પંચાયતનુ પરિણામ જાહેર

# પ્રાંતિજમાં કોંગ્રેસે સત્તા જાળવી રાખી

## ભાજપના ઉમેદવારોનો પરાજય : કોંગ્રેસ ઉમેદવારોનો વિજય : પ્રમુખ તરીકે રાઠોડ બહેચરસિંહ હરિસિંહ અને ઉપપ્રમુખ તરીકે રામાજી નેનાજી મકવાણા

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ તાલુકા



પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી યોજાઈ હતી. જેમા કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખનો વિજય થયો હતો. કોંગ્રેસે સત્તા જાળવી રાખી છે.

પ્રાંતિજ ખાતે તાલુકા પ્રમુખને લઈને ભાજપ દ્વારા બહુમતી ના હોવા છતાં ઉમેદવારી નોંધાવતા પ્રાંતિજ રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. કોંગ્રેસ પણ સત્તા જાળવી રાખવાં એડીચોટીનુ જોર લગાવ્યું હતું. આજરોજ ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરી તથા જે.એચ. કાપડીયાના અધ્યસ્થ સ્થાને ચૂંટણી પ્રકિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસને ૧૨ મતો મળ્યા હતા તો ભાજપને આઠ મત મલતા ચૂંટણી અધિકારીએ કોંગ્રેસના ઉમેદવાર પ્રમુખ-ઉપપ્રમુખને વિજેતા જાહેર કર્યા હતા. કોંગ્રેસ દ્વારા સત્તા જાળવી રાખવામાં આવી હતી તો કોંગ્રેસનો વિજય થતાં કોંગ્રેસના આગેવાનો કોંગ્રેસ કાર્યકરો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કોંગ્રેસના ચુંટાયેલા પ્રમુખ રાઠોડ બેચરસિંહ હરિસિંહ તથા ઉપપ્રમુખ રામાજી નેમાજી મકવાણા સહિતના સભ્યોને ફુલહાર પહેરાવીને જીતની ખુશી વ્યક્ત કરી હતી. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, શહેર પ્રમુખ અમરીશભાઈ પટેલ, રેખાબેન સોલંકી સહિત આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહી એક બીજાને મીઠાઈ ખવડાવીને જીતની ખુશી વ્યક્ત કરી હતી.

### ચિલોડા ખાતે ચંદ્રપ્રભ સ્વામીજી દેરાસરમાં પૂજા

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના ચોક પાસે શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાન દેરાસર આવેલુ છે. ચંદ્રપ્રભ સ્વામીજી દેરાસરની ૨૨મી સાલગીરી ખૂબ જ ભક્તિપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિરને ધજા ચડાવવાની સાથે સ્વામીજીની પૂજા, સ્વામી વાત્સલ્ય અને ભાવના જેવા વિવિધ કાર્યક્રમમાં ચિલોડા ગામના ભાવિક શ્રાવકો-શ્રાવિકાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

# અરવલ્લી જીલ્લાની ૬ તાલુકા પંચાયતમાંથી ૪માં કોંગ્રેસ અને ૨માં ભાજપ સત્તા પર

## બાયડ તાલુકા પંચાયત કોંગ્રેસની બહુમતી છતાં ભાજપે આંચકી, માલપુરમાં અપક્ષ કોંગ્રેસના ટેકાથી પ્રમુખ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લા પંચાયત સહીત જીલ્લાના ૬ તાલુકા





પંચાયતની બુધવારે યોજાયેલ ચૂંટણીમાં ભારે રસાકસી અને ચૂંટણી પૂર્વેની કલાકોના રાજકીય કાવાદાવાઓનો માહોલ ચરમસીમાએ પહોંચ્યા બાદ મોડાસા, ધનસુરા, ભિલોડા, માલપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો દબદબો જોવા મળ્યો હતો. મેઘરજ અને બાયડ તાલુકા પંચાયતમાં ભાજપે સત્તાનું સુકાન સંભાળ્યું હતું. બાયડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતી હોવા છતાં બળવાખોર કોંગ્રેસના સદશ્યોના સહારે ભાજપ સત્તા મેળવવામાં સફળ રહેતા ભાજપના કાર્યકરોમાં આનંદ છવાયો હતો. કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં સોપો પડી ગયો હતો. મેઘરજ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના બળવાખોર મહિલા ઉમેદવાર ભાજપમાંથી પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. માલપુર તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસના સદશ્યો વચ્ચે કોંગ્રેસના ટેકાથી અપક્ષ વિજેતા બનતા માલપુર તાલુકા પંચાયતમાં સત્તા ટકાવવામાં સફળ રહી હતી.

### મોડાસા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ચૂંટણી અધિકારીની મનમાની, પત્રકારોને સભાખંડમાં પાબંધી

મોડાસા તાલુકા પંચાયતની બુધવારે યોજાયેલી પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે મુકાયેલ બાયડ પ્રાંત અધિકારી કોમલબેન પટેલે ચોથી જાગીરી ગણાતા પત્રકારોને તખઘલી નિર્ણય લઈ પત્રકારોને ચૂંટણી પ્રક્રિયાથી અળગા રાખી સભાખંડમાં પ્રવેશ કરવાની પ્રતિબંધ ફરમાવતા પત્રકાર આલમમાં રોષ ફેલાયો હતો અને પત્રકારોને પ્રવેશબંધી ફરમાવનાર પ્રાંત અધિકારીની મનમાની સામે કલેક્ટરને રજુઆત કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.

બુધવારે યોજેલ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસની ૫ તાલુકા પંચાયતમાંથી ભાજપે બાયડ તાલુકા પંચાયત આંચકી લેતા જીલ્લામાં ૨ તાલુકા પંચાયત પર સત્તા મેળવવામાં સફળ રહી હતી. મોડાસા તાલુકા પંચાયતમાં કોંગ્રેસના પ્રમુખ ભાવનાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે શંકરભાઈ રબારી, ધનસુરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કનુભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે આબેદાબેન કલાલ, ભિલોડા તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે દોલજીભાઈ કોટડ અને ઉપપ્રમુખ તરીકે કનકબા જાડેજા વિજેતા જાહેર થયા હતા. માલપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ અને ભાજપે અપક્ષને પ્રમુખ તરીકે ફોર્મ ભરાવતા બંને અપક્ષોએ ઉમેદવારી કરતા કોંગ્રેસના સમર્થનથી પ્રમુખ તરીકે અપક્ષ રીટાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના જશીબેન કટારા બહુમતીથી ચૂંટાયા હતા.

બાયડ તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતી હોવા છતાં કોંગ્રસ તરફથી અઢી વર્ષ પ્રમુખ રહેલા ઉમેદવારે ભાજપ તરફથી ઉપપ્રમુખ માટે ફોર્મ દાવેદારી કરી ફોર્મ ભરાતા બાયડ તાલુકા પંચાયતમાં પ્રમુખની ચૂંટણીમાં ઉથલપાથલ થવાની સંભાવના સાથે આજે યોજાયેલ ચૂંટણીમાં તાલુકા પંચાયત પ્રમુખ તરીકે કોંગ્રેસના ૭ સભ્યોના ટેકાથી ભાજપના અલ્પેશ પટેલ અને કોંગ્રેસમાંથી ભાજપમાંથી પક્ષ પલટો કરનાર રાધાબેન ચૌહાણ ચૂંટાઈ આવતા કોંગ્રેસના કબ્જામાં રહેલી તાલુકા પંચાયત આંચકી લેવામાં સફળતા મળી હતી. મેઘરજ તાલુકા પંચાયતમાં કોંગ્રેસમાંથી પક્ષ પલટો કરનાર બળવાખોર સુરતાબેન ડામોર અને ઉપપ્રમુખ તરીકે ભાજપના સોમાભાઈ પગી ચૂંટાયા હતા. અરવલ્લી જિલ્લા પંચાયત અને ૬ તાલુકાપંચાયતની પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી પૂર્ણ થતા રાજકીય ગરમાવો સમી ગયો હતો.



મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ - ઉપપ્રમુખની યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ તરીકે કોંગ્રેસના શ્રીમતિ શિલાબેન સુધીરભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના ધરમશીભાઈ એલ. દેસાઈ વિજયી થયાં હતા. ઉપરોક્ત તસવીરમાં જિલ્લા પંચાયતના સદસ્યો, કોંગ્રેસના કાર્યકરોનું અભિવાદન કર્યુ હતું અને મહેસાણા તાલુકા પંચાયત પણ કોંગ્રેસના પ્રમુખ - ઉપપ્રમુખ વિજયી થયા હતા.

### ઉભરાણ નજીક ખલીકપુર ગામે અસામાજિક તત્વો દ્વારા જોગણીમાતાના મંદિર અને વડાલામાં આગ ચંપી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના ઉભરાણ નજીક આવેલા ખલીકપુર ગામમાં આવેલા જોગણી માતાના મંદિરમાં અને મંદિર નજીક આવેલા વડાલાના સ્થાનકમાં મુકેલ ગરબા અને વડલામાં અસામાજિક તત્વોએ દારૂ પીને આગ લગાવી સળગાવી દેવાનો પ્રયત્ન થતા ખલીકપુર ગ્રામજનો અને ભક્તોને જાણ થતા ઉગ્ર રોષ ફેલાયો હતો અને આગ લગાડનાર તત્વોને પોલીસતંત્ર દ્વારા ઝડપી પાડી કડક કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી.

# ખેડબ્રહ્મા તાલુકામાંથી ૨૦ ડમ્પર અને ૩ હીટાચી મશીન ઝડપાયા

## સ્થાનિક પોલીસ અધિકારીની રહેમ નજર હેઠળની આજ દિન સુધી કરોડો રૂપિયાની રેતી ચોરાતી હતી : ૬ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડતા જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ગેરકાયદેસર રેતીનું ખનન બેફામપણે થઈ રહ્યું છે અને રેતી ભરી માતેલા સાંઢની જેમ રોડ ઉપર ડમ્પર દોડી રહ્યા હોય મંગળવારે ભૂસ્તસર વિભાગ સપાટો બોલાવી ૨૦ ડમ્પર અને ૩ હિટાચી મશીન સાથે અંદાજે ૬ કરોડનો મુદ્દામાલ ઝડપી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મંગળવાર રાત્રીના સમયે ભૂસ્તર વિભાગનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે એ.જે. પટેલે સ્ટાફને જાણ કરી હતી કે ખેડબ્રહ્મા તાલુકાના કલેકા ગામની સીમમાં કેટલાક ઈસમોએ ગેરકાયદેસર રીતે હિતાચી મશીનથી રેતીનું ખનન કરી ડમ્પર ભરી રહ્યા છે. જેથી ખેડબ્રહ્મા પોલીસ સ્ટાફ લઈ ત્યાં પહોંચેલા જ્યાં પો.અધિક્ષક પ્રેમસુખ ડેલું પણ આવી પહોંચેલા હોઈ પોલીસના વાહનો જોઈ ડમ્પર ચાલકો વાહન મૂકી ભાગી ગયા હતા.

જેથી પોલીસે સ્થળ તપાસ કરતા ત્યાં ૨૦ ડમ્પર અને ૩ હિતાચી મશીન રેતીનું ખનન કરતા મળી આવેલ જેથી પ્રેમસુખ ડેલું દ્વારા સ્થળની તપાસ કરાવતા જે જગ્યાએ રેતી ભરાતી હતી તે જગ્યાએ કોઈ લીઝ ન હોવાનું બહાર આવતા વાહન માલિક અમૃતભાઈ દેસાઈ અને અન્ય ૨૩ વાહન ચાલકો વિરુદ્ધ ગેરકાયદેસર રેતીનું ખોદકામ અને વહન કરી ચોરી કરી સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન અને એન.જી.ટી.ની નિયમોનું ઉલ્લંઘન કરતા હોય અશોકકુમાર પરમાનંદ પટેલે આઈ. પી.સી. ૩૮૯, ૧૧૪ અને મૈઈન્સ એન્ડ મિનરલ રેગ્યુલેશન ડેવ. એમેનડમેન્ટ એક્ટ ૨૦૧૬ની કલમો તથા ગુજરાત મિનરલ (પ્રિવેંશન ઓફ ઈલીગલ મૈઈનિંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરજ ટૂલ્સ ૨૦૧૭ એક્ટ) મુજબ ગુન્હો નોંધી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી.

# દાંતા તાલુકાનું કાંસા પી.એચ.સી. સેન્ટર શોભાના ગાંઠીયા સમાન

## ડી.એસ.ઓ. તાત્કાલિક નર્સ તથા ડોક્ટરની ભરતી કરે

દાતા, તા. ૨૦

બનાસકાંઠા જીલ્લાનો દાંતા આદિવાસી તાલુકો છે. આ તાલુકાની પ્રજાના આરોગ્યની સુખાકારી માટે અનેક જગ્યાએ સરકારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવ્યાં છે. પરંતુ જરૂરી સુવિધાઓના અભાવે આદિવાસી પ્રજાને યોગ્ય આરોગ્ય સુવિધા ઘર આંગણે પ્રાપ્ત થતી નથી અને પ્રાઈવેટ તબીબોના ત્યાં લુંટાવવા જવું પડે છે.

પ્રાપ્ત માહિતી મુજબ દાંતા તાલુકાના કાંસા ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હાલમાં શોભાના ગાંઠીયા સમાન દેખાય છે. હાલમાં દર્દીઓને ગામમાં જ આરોગ્ય કેન્દ્ર હોવા છતાંય નિદાન માટે નર્સ કે તબીબ ના હોઈ પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. આ પી.એસ.સી.માં કાયમી ડૉક્ટરની બદલી કરી છે પરંતુ બીજા ડૉક્ટર મુકવામાં આવેલ નથી. જેથી ડૉક્ટર અને નર્સના અભાવે આ



પી.એસ.સી.માં દર્દીઓને ધક્કા ખાવા પડે છે. ટ્રાયબલ વિસ્તાર હોવાથી કોઈક જ ઉચ્ચ અધિકારી બાબતે જવાબદારી લેતા નથી. કાંસા ગ્રામજનોના જણાવ્યા મુજબ લાખોના ખર્ચે પી.એસ.સી. બનાવ્યું છે. પરંતુ યોગ્ય સુવિધા સાધનોનો અભાવ તથા સ્ટાફના હોઈ તેનો કોઈ લાભ મળતો નથી. ત્યારે બનાસકાંઠા જીલ્લાના આરોગ્ય અધિકારીઓએ તથા ડી.ડી.ઓ.એ કાંસા પી.એસ.સી.માં તાત્કાલિક નર્સ તથા ડૉક્ટરની કાયમી ભરતી કરવી જરૂરી છે.

### સાબરકાંઠા શ્રીમાળી સોની સમાજનો ૨૧મો પરિચય મેળો યોજાશે

મોડાસા, તા. ૨૦

તા. ૨૪-૬-૨૦૧૮, રવિવારના રોજ સવારે ૯ કલાકે સાબરકાંઠા શ્રીમાળી સોની કેળવણી મંડળ આયોજીત ૨૧મો યુવક યુવતી પરિચય મેળાનું આયોજન મંડળના પ્રમુખ જીતુભાઈ ચંદુલાલ સોની તથા મંત્રી જન્મેજય ગણપતલાલ સોની તથા કારોબારી સભ્યો દ્વારા આયોજન કરેલ છે. જેમાં સંમારંભના પ્રમુખ ગં.સ્વ. ગીતાબેન પ્રવિણચંદ્ર સોની, ઉદઘાટક કેતનભાઈ નટવરલાલ સોની, મુખ્ય મેહમાન તરીકે ગં.સ્વ. કોકિલાબેન જયંતીલાલ સોની વગેરે ઉપસ્થિત રહેનાર છે. આ સંમારંભમાં પરિચય પુસ્તિકા દાતા, ભોજનદાતા, મીનરલ વોટર, છાશદાતા અતિથિ વિશેષ મોટી સંખ્યામાં મોડાસા ખાતે ઉપસ્થિત રહેનાર છે.



### ધનસુરા તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું શાસન યથાવત

ધનસુરા તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસનું શાસન યથાવત રહ્યું હતું. પ્રમુખ તરીકે કનુભાઈ પટેલની વરણી, ઉપપ્રમુખ તરીકે આબેદાબેન કલાલની નિમણૂક કરાઈ હતી. કોગ્રેસના કનુભાઈ પટેલને ૯ મત મળ્યા હતા. જયારે ભાજપના ઉમેદવારને ૮ મત મળ્યા હતા. ઉપ પ્રમુખની ચૂંટણીમાં કોગ્રેસના આબેદાબેન કરેલને ૯ મત જયારે ભાજપના ઉમેદવારને ૮ મત મળ્યા હતા. જેથી પ્રમુખ ઉપપ્રમુખમાં કોગ્રેસના ઉમેદવારોનો વિજય થયો હતો.

# મહેસાણા જિલ્લામાં ૧૩૮૨ સ્થળે યોજાનાર વિશ્વ યોગ દિનમાં ૫ લાખ લોકો જોડાશે

મહેસાણા, તા. ૨૦

મહેસાણા જિલ્લામાં પણ આગામી ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી થનાર છે. તેમાં મહેસાણા જિલ્લાની તમામ સ્કૂલો, સ્થાનિક સ્વરાજયની અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી જિલ્લામાં અંદાજીત ૧૩૮૨ સ્થળોએ યોગ દિવસની ઉજવણી થનાર છે. યોગ દિવસની ઉજવણીમાં નાના મોટા સહુ અંદાજે ૫ લાખ જેટલા નાગરીકો સવારે ૬ કલાકથી શારીરીક તંદુરસ્તીને બળ પ્રદાન કરતા યોગાભ્યાસમાં જોડાઈ સહુ કોઈ યોગના લાભો લેશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી છે. પ્રતિ વર્ષ ૨૧ જુનના રોજ વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જાહેર કરાયું છે. મહેસાણામાં જિલ્લા કક્ષાએ વિશ્વ યોગ દિવસની ઉજવણી ૨૧ જુન ૨૦૧૮ના રોજ સવારે ૬ કલાકથી ૮ કલાક દરમિયાન યોજાનાર છે. જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, મહેસાણા, મ્યુનિસિપલ ગ્રાઉન્ડ મહેસાણા, ઓ.એન.જી.સી ગ્રાઉન્ડ મહેસાણા, દેદીયાસણ જી.આઈ.ડી.સી મહેસાણા, નાલંદા વિદ્યાલય મહેસાણા ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં બાળકો, યુવાનો, ભાઈઓ-બહેનો અને વડીલોને યોગ કાર્યક્રમમાં જોડવા માટેનો અનુરોધ જિલ્લા કલેકટર એચ.કે. પટેલ દ્વારા કરાયો છે.



### ખેડબ્રહ્મા તાલુકા પંચાયત કોંગ્રેસના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાયા

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમા પ્રમુખ અને ઉપપ્રમુખ ની ૨.૫ વર્ષની ટર્મ પુરી થતા નવીન પ્રમુખ માટેની કાર્યવાહી બુધવારે કરવામાં આવી હતી. જેમાં મંગળવારે કોંગ્રેસ તરફથી બે ફોર્મ ભરાય હતા. ભાજપ તરફથી કોઈ ફોર્મ ન ભરાતા ઔપચારિકતા બાકી રહી હતી. બુધવાર સવારે પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદીની અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયત હોલમાં મળેલ બેઠકમા કોંગ્રેસના કસનાભાઈ દેવાભાઈ ડાભી અને ઉપપ્રમુખ તરીકે રોહિતકુમાર કોદરભાઈ પટેલના નામ જાહેર કરવામાં આવેલ જેમને કોંગ્રેસના કાર્યકરોએ અબીલ ગુલાલ અને ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો.